અર્હં નમઃ

# શ્રી શત્રુંજય-મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી વીરબાઇ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

## સમ્યગ્જ્ઞાન પરિચય

## અભ્યાસક્રમ જવાબ પત્ર

એનરોલમેન્ટ નંબર - {૬}  ગામ નોવેમ્બર - 2022

વિદ્યાર્થીનું

| પ્રશ્ન-૧ ખાલી જગ્યા | પ્રશ્ન-૨ એક જ શબ્દમાં | પ્રશ્ન-૩ શબ્દનો અર્થ |
|---|---|---|
| (૧) સચિત મિશ્ર | (૧) અપવર્તનીય | (૫) આવતા દેખી ઉભા થવું |
| (૨) સ્યાદ્‌વાદ | (૨) માયા સમાન | (૬) ઇત્યાદિક |
| (૩) વિવેકહિન | (૩) ગચ્છાધિપતિ | (૭) વિચરવાથી |
| (૪) સહસ્ત્રાંક કૂટ | (૪) વર્ષધર પર્વત | (૮) પાપ વગરના |
| (૫) અજિતનાથ ભગ. | (૫) અજિતનાથ ભગ. | (૯) નરક |
| (૬) સાડા ત્રણ હાથ | (૬) સચિત-પ્રતિબદ્ધ | (૧૦) પ્રત્યેક |
| (૭) પુણ્ય | (૭) પિંડ પ્રકૃતિ | (૧૧) મેરુ પર્વત |
| (૮) બંધ-મોક્ષ | (૮) વિજયા દેવી | (૧૨) વ્યંતર દેવોએ |
| (૯) રત્નમય | (૯) ભાજી પુલ્લો, કોથમીર સુકો મેવો. | (૧૩) જાઉં છું |
| (૧૦) ત્રસ ચતુષ્ક | (૧૦) ત્રસ ચતુષ્ક | (૧૪) નીચ |
| (૧૧) કુરલા માં | (૧૧) પચ્ચક્ખાણ | (૧૫) ચતુષ્ક |
| (૧૨) ભાણેજ મુનિને | (૧૨) સિદ્ધકૂટ | (૧૬) સંસ્થાનો |
| (૧૩) અંજલિબદ્ધ | (૧૩) દ્રવ્ય વંદન | (૧૭) અગ્યાર |
| (૧૪) નિરવદ્ય | (૧૪) સમચતુરસ્ત્ર | (૧૮) તપ વડે |
| (૧૫) ત્રસ દશક | (૧૫) તિર્યંચગતિ | (૧૯) સો |
| (૧૬) સુખ ના પ્રવર્તક-મહામુનિ | | (૨૦) સૂક્ષ્મ |

| પ્રશ્ન-૧ ખાલી જગ્યા | પ્રશ્ન-૩ શબ્દનો અર્થ |
|---|---|
| (૧૭) વજ્રઋષભનારાચ | (૧) સ્પર્શો |
| (૧૮) રાત્રિ સ્નાન | (૨) પ્રવર્તક |
| (૧૯) ~~છદ્મ~~ છદ્મસ્થાદિ | (૩) સડસઠ |
| (૨૦) શ્રી નેમનાથસ્વામીને | (૪) વિદ્યુત્પ્રભ |

પ્રશ્ન-૪ જોડકાં જોડો

| | | | |
|---|---|---|---|
| (૧) | ૭ | (૬) | ૩ |
| (૨) | ૫ | (૭) | ૧૦ |
| (૩) | ૮ | (૮) | ૬ |
| (૪) | ૧ | (૯) | ૨ |
| (૫) | ૯ | (૧૦) | ૪ |

| પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ | | પ્રશ્ન-૬ ✓ કે X | |
|---|---|---|---|
| (૧) | ૪ | (૧) | ✓ |
| (૨) | ૪૦૬ | (૨) | X |
| (૩) | ૬૭ | (૩) | ✓ |
| (૪) | ~~૪~~ ૧૪ | (૪) | X |
| (૫) | ૩૬ | (૫) | ✓ |
| (૬) | ૧૬ | (૬) | X |
| (૭) | ૩૬ | (૭) | ✓ |
| (૮) | ૨૦ | (૮) | X |
| (૯) | ૨ | (૯) | ✓ |
| (૧૦) | ૯૫ | (૧૦) | ✓ |

પ્રશ્ન-૭ આ વાક્ય કયા પાને છે તે નંબર

| | |
|---|---|
| (૧) | ૨૦ |
| (૨) | ૧૨ |
| (૩) | ૧૫ |
| (૪) | ૬ |
| (૫) | ૨૦ |
| (૬) | ૩ |
| (૭) | ૫ |
| (૮) | ૧૪ |
| (૯) | ૨૪ |
| (૧૦) | ૧૧ |

| પ્રશ્ન ૧- મેળવેલ ગુણ | પ્રશ્ન ૨- મેળવેલ ગુણ | પ્રશ્ન ૩- મેળવેલ ગુણ | પ્રશ્ન ૪- મેળવેલ ગુણ | પ્રશ્ન ૫- મેળવેલ ગુણ | પ્રશ્ન ૬- મેળવેલ ગુણ | પ્રશ્ન ૭- મેળવેલ ગુણ | પ્રશ્ન ૮- મેળવેલ ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

રીમાર્ક ____________________ તપાસનારની સહી ____________________

પ્રશ્ન - ૮

૧. આયુષ્ય કર્મ - દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચારે ગતિ ના જીવો કોઈ પણ એક ગતિના એક જ એ ભવ માં જન્મ થી મરણ પર્યંત ટકાવી-પકડી રાખનાર કર્મ નો ઉદય તે આયુષ્ય કર્મ છે.(૧) અપવર્તનીય એટલે કાળ ની અપેક્ષાએ ટુંકું થઈ શકે-તુટી શકે એવું (૨) અનપવર્તનીય એટલે કાળની અપેક્ષાએ ટુંકું ન થઈ શકે એવું એ બે પ્રકારે છે. આ કર્મ ઘટી શકે એટલે તેની સ્થિતી નું અપવર્તન થાય છે. થોડા સમય માં ભોગવી શકાય છે. પરન્તુ ઉદ્વર્તના ન જ થાય એટલે વધારી તો ન જ શકાય. આ કર્મ સમયે-સમયે ન બંધાતા ભવ માં એક જ વખત, ભવ ને ત્રીજે, નવમે, સત્યાવીશમે અથવા છેલ્લા અન્તર્મુહૂર્તે બંધાય છે. આ આયુષ્ય કર્મ પગ માં નાંખેલી બેડી સમાન છે.

~o~

૨. ગુરુવંદન ના લાભ - ગુરુ ને વંદન કરવાથી પ્રાણી નીચ ગોત્ર કર્મ ખપાવે છે. ઉચ્ચગોત્ર નો બંધ કરે છે. નિકાચિત કર્મ ગ્રંથી ને ભેદન કરતાં શિથિલ બંધનરૂપ કરી નાંખે છે. બહુમાન - દ્રવ્ય થી અને ભાવ થી અંતરના બહુમાન થી વિધિ પુર્વક વંદન કરવા તે ભાવ વંદન દ્વારા સવિશેષતા થી આચાર્યાદિક ગુરુ ભ. ને આવતા દેખી ને ઉભા થવું, સન્મુખ જવું, મસ્તક અંજલિબદ્ધ પ્રણામ કરવો, તેઓને આસન આપવું તથા તેઓ બેઠા પછી જ તેઓની સન્મુખ વિનય પૂર્વક બેસવું. આશાતના ટાળવી - ગુરુ ની તેત્રીસ પ્રકારે આશાતના જાણી ને ટાળવા માટે સવિશેષ પ્રયાસ કરવો. પલાંઠીવાળી, થાંભલા, ભીત નો ટેકો, પગ પસારી, વિકથા હાસ્ય, પાસે, આગળ, પીઠ કરી, પગ ચડાવી લાંબા પગ કરી ને બેસવાથી એવી તેત્રીસ મુખ્ય આશાતના ટાળવી.

૩. ભોગોપભોગ વ્રત - એટલે એક વાર વપરાય એવી આહાર, ફૂલ, ફલ પ્રમુખ ભોગ વસ્તુઓ નો અને વારંવાર વપરાય એવી કપડા, ઘરેણાં પ્રમુખ ઉપભોગ વસ્તુઓનો નિયમ-પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણ લઈ પાલન કરવું તે ભોગોપભોગ વ્રત કહેવાય છે. એ વ્રત ભોજન થી અને કર્મ થી બે પ્રકારે છે. જ્યાં જીવન છે ત્યાં ભોગ, ઉપભોગ હોય છે. જીવન ને સાચા અર્થ માં જીવવા માટે ભોગ અને ઉપભોગ માં નિયંત્રણ-મર્યાદા આવશ્યક નહિં પણ અનિવાર્ય છે. પ્રથમ સચિત નો ત્યાગ રાખેલ હોય અથવા સંખ્યા માપ થી છૂટ રાખેલ તે ઉપરાંત ન ખાવું એવો નિયમ લીધા પછી અજાણતા, અનાભોગ થી હદ થી વધારે સચિત લેવામાં આવે તો પ્રથમ સચિત આહાર નામ નો અતિચાર લાગે.

~o~

૪. મૌર્યપુત્ર ની શંકા - દેવો નું અસ્તિત્વ છે કે નહિં? તેઓનું શરીર, રહેઠાણ વગેરે કંઈ જ દૃષ્ટિગોચર થતું નથી. ઇન્દ્ર, યમ, વરુણ, કુબેર વગેરે દેવો માયારૂપ છે. ખરેખર દેવ નથી. પ્રભુ વીર નું સમાધાન - વેદ પદો માં જે માયા સમાન દેવો ને જણાવવામાં આવ્યા છે. તે દેવો નિત્ય દેવ તરીકે રહેનારા નથી. તે દેવ થયેલાઓને પણ ત્યાંથી ચ્યવી ને બીજી ગતિ માં જવું પડે છે. બીજા જીવો સારા કર્મ કરી ને દેવો થાય છે. દેવો ની અનિત્યતા સૂચવનારા છે. સ્વર્ગલોક માં રહેનારા છે. દેવો ના અસ્તિત્વ ને સૂચવનારા તેમ પ્રત્યક્ષ રીતે તું આ સમવસરણ માં આવી ને બેઠેલા દેવો ને દેખે છે. તેથી દેવો ના અસ્તિત્વ ને વિષે શંકા રાખ નહિં. એવું વીર પ્રભુ નું સમાધાન થી શંકા દૂર થઈ પ્રભુ પાસે દીક્ષા લઈ સાતમા ગણધર થયા.

૫. સિદ્ધાયતન - વક્ષસ્કાર-૧૬, સોમનસ-ગંધમાદન-૨, રુક્મિ-મહાહિમવંત-૨, વૈતાઢ્ય-૩૪, વિદ્યુત્પ્રભ નિષધ-નીલવંત-માલ્યવંત તથા મેરુ પર્વત-૫, હિમવંત-શિખરી-૨, બધા જ ૬૧ પર્વતો ઉપર છેલ્લું શિખર સિદ્ધકૂટ કહેવાય છે. આ સિદ્ધકૂટ ઉપર ઋષભાનન, ચંદ્રાનન, વર્ધમાન, વારિષેણ-શાશ્વતા જિન ની શાશ્વતા જિન ચૈત્ય - સિદ્ધાયતન છે. પ્રત્યેક સિદ્ધાયતન માં મધ્ય માં ૧૦૮ પ્રતિમાજી બિરાજમાન છે પશ્ચિમ દિશા દ્વાર રહિત ત્રણ દિશા ના એક-એક ચૌમુખજી એવા ૧૨ પ્રતિમાજી હોય છે. ૧૦૮+૧૨=૧૨૦ પ્રતિમાજી હોય છે. ૬૧ સિદ્ધાયતન હોવાથી એના કુલ પ્રતિમાજી ૬૧×૧૨૦ = ૭૩૨૦ થાય છે. આ બધા જિન પ્રતિમાજી ૫૦૦ યોજન ઉંચા હોય છે. તેમના વિવિધ અંગો વિવિધ રત્નો ના બનેલા છે.

~o~ ~o~ ~o~